## અગત્યની સુચના

ઉચ્ચ શિક્ષણ કમિશનરના પત્ર ક્રમાંક: કવટ/ISC3/એન.ઓ.સી./૨૦૨૩-૨૪/૨૦૪૩૬-૪૧.તા.૧૦/૧૦/૨૦૨૩ના અન્વયે તા.૧૮/૦૧/૨૦૨૪ સંદેશ/દિવ્ય ભાસ્કરની જાહેરાત સંદર્ભે જુનિયર ક્લાર્ક વર્ગ-૩ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) ની જગ્યા ભરવા માટેની ઉત્તીર્ણ થયેલ પ્રથમ સાત ઉમેદવારોને ભાગ-૨ની લેખીત મુખ્ય પરીક્ષા તા.૦૩/૦૯/૨૦૨૪,મંગળવાર ના રોજ સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ ની પરીક્ષા પૂર્ણ થયા પછી તા.૦૩/૦૯/૨૦૨૪ના દિવસે મુલ્યાંકનના આધારે પસંદગી યાદી પ્રમાણે જાહેર કરવામાં આવશે. ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC)નું પ્રમાણપત્ર, નોન- ક્રીમીલેયર પ્રમાણપત્ર, સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધીન નિમણૂક રહેશે.

**કોમ્પ્યુટરની જાણકારી માટે** :- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-અથવા ધોરણ ૧૦ -૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઉમેદવારોએ નિમણૂંક સતાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલજેની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહી.

**પ્રમાણપત્રોની ચકાસણી ખરાઈ બાબત** :- ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ, તા.૦૭/૦૬/૨૦૨૪ પ્રમાણે ઉમેદવારે દરખાસ્ત રજુ કરવાની રહેશે. ત્યારબાદ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારને નિમણૂક આપતા પૂર્વ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ થયેથી અને ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીની પૂર્વ મંજૂરી મળ્યા બાદ કોલેજના મંડળ દ્વારા નિમણૂક ઓર્ડર આપવામાં આવશે.

તા. ૩૧/૦૮/૨૦૨૪

**આચાર્ય**
**શ્રીમતી સી.સી. મહિલા આર્ટસ અને**
**શેઠ સી.એન કોમર્સ કોલેજ**
**વિસનગર(ઉ.ગુ.)**